દાખલ તારીખ :– ૨૮/૧૧/૨૦૧૭

રજી. લીધા તારીખ:– ૨૮/૧૧/૨૦૧૭

નિકાલ તારીખ :– ૨૪/૦૯/ ૨૦૨૧

**સમયગાળો :– વર્ષ માસ દિવસ**

૦૩ ૦૯ ૨૭

**મે.ભચાઉ ના ૯ માં એડીશનલ ડીસ્ટ્રીકટ જજની કોર્ટમાં, મુ.ભચાઉ.**

**દિવાની પરચુરણ અરજ નંબર (નવા)–૧૩/૨૦૨૦**

**દિવાની પરચુરણ અરજ નંબર(જુના)– ૮૪/૨૦૧૭**

**આંક–૩૨**

**અરજદાર :** **હિતેષ પરબતભાઈ ચૌધરી,**

ઉ.વ.૩૦, ધંધો–ખેતી

રહે. કંથકોટ, તા.ભચાઉ–કચ્છ.

**વિરૂધ્ધ.**

**સામાવાળા :** **કાન્તાબેન વા/ઓ હિતેષભાઈ પરબતભાઈ ચૌધરી,**

**ડો/ઓ વેલાભાઈ રણછોડભાઈ રાવરીયા(પટેલ)**

ઉ.વ.૨૮, ધંધો–ઘરકામ તથા ખેતી,

રહે.ગામ: પદમપર, તા. રાપર–કચ્છ.

**અરજદાર તરફેના વિ.વ.શ્રી એચ.જે.સોનપાર**

**સામાવાળા તરફેના વિ.વ.શ્રી પી.જી.પુજારા**

**બાબત:** ધ હિન્દુ માયનોરીટી એન્ડ ગાર્ડીયનશીપ એકટ–૧૯૫૬ની કલમ–૪ વિ. મુજબ સગીર વયની સંતોનનો કબજો મેળવવા બાબત અરજી

**–:: ચુકાદો ::–**

(૧) અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારના લગ્ન તા.૧૩

/૦૫/૨૦૧૩ ના રોજ હિન્દુ શાસ્ત્રોકત વિધીથી જ્ઞાતિના રીતરિવાજ મુજબ વડીલોની હાજરીમાં સામાવાળા કાન્તાબેન સાથે થયેલા છે અને તે લગ્ન જીવન થી સંતાનમાં એક પુત્રીનો જન્મ થયેલો છે અને તે સામાવાળા સાથે છે. સામાવાળા તા.૨૫/૦૪/૨૦૧૫ ના રોજ પોતાની મરજી અને સ્વેચ્છાએ પોતાના પીયરમાં જતા રહેલા છે અને ચારેક વખત તેડવા માટે પ્રયત્ન કરવા છતાં તેઓ પરત આવેલા નથી. સામાવાળા અરજદારના લગ્ન જીવનના હકો પુરા કરતા ન હોવાથી અરજદારે પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ કોર્ટમાં એચ.એમ.પી.નં.૪૧/૨૦૧૬ દાખલ કરેલી હતી જેથી સામાવાળાએ મુંબઈ મધ્યે છુટાછેડા લેવા માટે અરજી દાખલ કરેલી અને તેમાં હાલના અરજદારનું ખોટું સરનામું જાહેર કરેલું. સામાવાળા અરજદારની દીકરી મિષ્ટીને અરજદાર સાથે મળવા દેતા નથી અને અરજદાર આ દીકરીના પિતા હોવાથી દીકરીને તેના પિતાની લાગણી અને હુંફ મળવી જરૂરી છે તેમ છતાં તેઓ અરજદારથી આ મિષ્ટીને દુર રાખતા હોવાથી અરજીનું કારણ ઉભું થતાં અરજદારે હાલની અરજી ગુજારી સગીર મિષ્ટીનો કબજો મેળવવા માટે દાદ માંગણી કરતી અરજી ગુજારેલી છે જેની વિગત ધ્યાને લીધી.

(૨) આ કામે સામાવાળાને નોટીસની બજવણી કરવામાં આવેલી છે અને સામાવાળા વકિલ મારફતે હાજર થયેલા છે અને તેઓએ આંક-૧૪ થી લેખીત જવાબ આપી અરજદારની અરજીની હકિકતોનો ઈન્કાર કરેલો છે અને એવું જણાવેલું છે કે, સામાવાળાની પુત્રી મિષ્ટી સગીર વયની છે, ત્રણેક વર્ષની છે અને તે દૈનિક ક્રિયાઓ જાતે કરી શકતી નથી અને સામાવાળા આ મિષ્ટીના જનક માતા છે અને દીકરીના ઉછેર, સંસ્કાર વગેરેમાં માતા તરીકે તેઓ સારું કામ કરી શકે તેમ છે. જયારે અરજદાર અને તેના પરીવારના સભ્યો માથાભારે તથા ઘાતકી સ્વભાવના માણસો છે અને તે સંજોગોમાં અરજદાર પાસે આ દીકરીની સલામતી જોખમમાં

છે તે રીતની અલગ–અલગ હકિકતો રજુ કરી અરજીને રદ કરવા લેખીત જવાબ રજુ કરેલા છે.

(૩) આ કામે અરજદાર તરફે પુરાવો રજુ કરવા માટે પ્રયત્ન કરવામાં આવેલો છે અને તેમાં આંક–૧૭ થી અરજદારે સરતપાસનું સોગંદનામું રજુ કરેલું છે અને ત્યારબાદ અરજદાર ઉલટતપાસ માટે કોર્ટમાં હાજર થયેલા નથી અને અદાલતે વખતો વખત તા.૩૧/૦૧/૨૦૧૯ થી તા.૩૦/૦૬/૨૦૨૧ સુધી સમય આપેલો છે તેમ છતાં હાજર થઈને ઉલટતપાસ આપેલી નથી તે સંજોગોમાં તા.૩૦/૦૬/૨૦૨૧ ના રોજ અરજદારની સરતપાસનું સોગંદનામું પુરાવામાં વંચાણે લઈ શકાય નહી તે રીતે હુકમ કરી અરજદારના પુરાવાનો હક બંધ કરેલો છે અને તે સંજોગોમાં અરજદારનો આ કામે કોઈ પુરાવો નથી.

(૪) આ કામે સામાવાળા તરફે આંક–૨૭ થી પુરશીશ આપી અરજદાર તરફે કોઈ પુરાવો રજુ કરેલો નથી તે સંજોગોમાં સામાવાળા કોઈ પુરાવો રજુ કરવા માગતા નથી તે રીતે કલોઝીંગ પુરશીશ આપેલી છે.

(૫) આ કામે અરજદાર તરફે વિ.વકીલશ્રીની લંબાણપુર્વકની મૌખિક દલીલ સાંભળી તેઓની દલીલનો ટુંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, અરજદાર સગીર મિષ્ટીના કાયદેસરના પિતા છે અને તેઓ પોતાની દીકરીની દેખરેખ રાખી ઉછેર કરી ભરણપોષણ કરી શકે તેમ છે જેથી અરજી મંજુર કરી સગીરનો કબજો અરજદારને અપાવવા દલીલ કરેલી છે.

(૬) આ કામે સામાવાળા તરફે વિ.વકિલશ્રીની લંબાણપુર્વકની મૌખિક દલીલ

સાંભળી તેઓની દલીલનો ટુંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, અરજદારે પોતાની અરજીમાં જે વિગતો જણાવેલી છે તે વિગતો સાબિત કરવા માટે કોઈ જ પુરાવો રજુ કરેલો નથી અને ઉલટતપાસ માટે કોર્ટમાં હાજર થયેલા નથી તે સંજોગોમાં અરજદારની અરજી સાબિત થતી નથી તેવી જ રીતે સગીર મિષ્ટીના કાયદેસરના જનક માતા સામાવાળા કાન્તાબેન છે અને માતા પાસે દીકરી હુંફથી રહી શકે તેમ છે જેથી અરજદારની અરજી ખર્ચ સહ નામંજુર કરવા દલીલ કરેલી છે.

(૭) આવા સંજોગોમાં તમામ બાબતો ગંભીરતાથી ધ્યાને લેવામાં આવે તો, અરજદારે પોતાની આંક–૧ ની અરજીમાં જે પ્લીડીંગ કરેલું છે તે પ્લીડીંગ માટે અરજદારે મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલો નથી અને તે સંજોગોમાં અરજદારનું પ્લીડીંગ છે પરંતુ તેનું પ્રુફ રજુ થયેલ નથી.

બીજા શબ્દોમાં કહેવામાં આવે તો, અરજદારે પોતાની આંક–૧ ની અરજીમાં જે વિગતો જણાવેલી છે તેને મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી સાબિત કરેલી નથી.

વધુમાં આંક–૧૭ થી અરજદારે સરતપાસનું જે સોગંદનામું રજુ કરેલું છે તે સરતપાસની વિગતો માટે સામાવાળાને ઉલટતપાસ કરવા માટે તક આપેલી નથી અને તે કોર્ટમાં હાજર થઈ ઉલટતપાસ કરાવવા માટે તૈયાર છે તે રીતે પ્રયત્ન કરેલો નથી તેવા સંજોગોમાં જો અરજદાર સરતપાસની હકીકતોની સામે સામાવાળાને ઉલટતપાસ કરવા દેતા ન હોય તો તેવો પુરાવો પુરાવા તરીકે વંચાણે લઈ શકાય નહી અને તેથી તે સરતપાસના સોગંદનામાનું પુરાવાકીય મુલ્ય કશું જ રહેતું નથી તેવું મારું શુધ્ધબુધ્ધિ પુર્વકનું માનવું છે.

(૮) આવા સંજોગોમાં ઉપરોકત તમામ વિગતો ધ્યાને લેતાં અરજદાર તરફથી પોતાની અરજીની હકીકતોને સાબિત કરવા માટે કોઈ જ પુરાવો રજુ કરેલો નથી

અને તે સંજોગોમાં અરજદાર પોતાની અરજીની હકીકતો સાબિત કરી શકતા નથી તેથી અરજદારની હાલની અરજી મંજુર કરી શકાય નહી તેમ માની નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**:: હુકમ ::**

આથી અરજદારની હાલની અરજ ''**નામંજુર (રદ્દ)**'' કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૨૪ મી, માહે–સપ્ટેમ્બર, સને ૨૦૨૧ ના દિવસે વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

તા. ૨૪/૦૯/૨૦૨૧
સ્થળ : ભચાઉ–કચ્છ

(એમ.એફ.ખત્રી)
૯ માં એડીશનલ ડીસ્ટ્રીકટ જજ
ભચાઉ–જી.કચ્છ
જીજે૦૦૬૯૧